# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૨૮ • તા.૨૧ સપ્ટેમ્બર થી ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૪


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા પર્યુષણ મહાપર્વની ઉજવણી






Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.




# પુસ્તક આપણા સાચા મિત્ર

જીવનમાં જેટલી ગરજ એક સાચા અને સારા મિત્રની હોય છે. એટલીજ જરૂરત સારા અને સાચા, સ્પષ્ટ અને વિચાર અભિવ્યક્તિની ખીલવણી કરતાં શબ્દોના સાથની જરૂરી હોય છે. વાણી દ્વારા આપણા મનના વિચારો પ્રગટ થાય છે, પ્રસાર થાય છે. આ વાચા દ્વારા બોલાયેલા શબ્દો ગ્રંથસ્થ થઈ પુસ્તકારે સંગ્રહિત થાય છે. આ શબ્દોના સંકલન થયેલ પુસ્તકો વર્તમાન અને ભવિષ્યકાળમાં ઝળહળતી મશાલ જેમ અનેકોના જીવનનું માર્ગદર્શન કરે છે.

કોઈપણ ભાષામાં બોલાયેલ શબ્દો આખરે આપણા મનમાં ચાલતા વિચારોનું પૂર જેવાં, કે લાગણીઓના બાંધેલા પોટલાં જેવા અથવા આપણી વેદના, સંવેદના અને આશા કે ઉમ્મીદોના ખજાના જેવા હોય છે. મનમાં મહેરામણમાં સર્જાતા શબ્દોના મોજાં જો વાચા દ્વારા કિનારો પામે તો ઠીક છે. નહીં તો અંતરના ઊંડાણમાં ઘરબાઈ કાળ મીંઢ સમય કાળમાં દફનાઈ મરે છે.

વીતી ગયેલા વખતકાળમાં માત્ર પુસ્તકો જ શબ્દોની જાળવણીનું માધ્યમ હતા. તે અગાઉ વિશિષ્ટ પ્રકારના ઝાડનાં પતા-પાંદડા ઉપર અક્ષરો લખાઈ તેનું સંકલન થતું. હવે તો પુસ્તકોની સાથે મોર્ડન ટેકનોલોજીના લીધે વિવિધ સ્વરૂપે અક્ષરો શાશ્વત સ્વરૂપે સચવાય છે. ટેકનોલોજી આજે આશીર્વાદ રૂપે છે અને અભિશાપ રૂપે પણ તેનો પરચો દાખવે છે. પહેલાં ટેકનોલોજીના ઉપયોગના પ્રતાપે સમયની બચત થતી હતી હવે આજ ટેકનોલોજી સૌના સમયના બરબાદીનું કારણ પણ બની રહી છે.

દરેક લાગણી કંઈ શબ્દો દ્વારા લખી અભિવ્યક્ત નથી થઈ શકતી, ક્યારેક એ ગીતો દ્વારા, હસ્તકલા, રંગો કે અંગોના હાવભાવ દ્વારા પણ. ટોળેના ટોળા હોય તેં છતાં જેને કંઈ સંદેશા કહેવો છે તેને જ માત્ર એકલાને એ દ્વારા પહોંચાડી શકાય છે.

પુસ્તકોએ શબ્દોની મંજૂષા, અક્ષરોનો અખૂટ પટારો છે. જેને કાળનો ક્રમ પણ મટાવી શકતો નથી. પુસ્તકોને જ્ઞાનના ભંડાર કહેવાયા છે. સુખ દુ:ખના સાચા સાથી ગણાયા છે. મન જ્યારે વિચલિત થયેલ હોય, મગજ ડામાડોળ હોય, વિચારોની નાવડી વમળના ઘેરામાં હાલક ડોલક થઈ રહી હોય ત્યારે આપણી વેદના સાંભળી શકે, સમજી શકે અને સલાહ માર્ગદર્શન આપી શકે એવા મિત્રની જરૂરત હોય છે. પણ જો મિત્ર સમીપન હોય એ સમયે કોઈ મનગમતું પુસ્તક જો આંખ સમક્ષ હોય તો તેનું વાંચન તેનું સાંનિધ્ય પામી મન-મગજને સધિયારો પ્રાપ્ત થાય છે. શબ્દોના જ્ઞાન પ્રકાશથી અવ્યક્ત શાંતિ થાય છે. અક્ષરોના સમીકરણથી જાણે નવો રાહ મળે છે, નવી દિશા મળે છે.

પુસ્તકોને પ્રેરણાની પરબ કહેવાય છે. જે તરસને મટાડે અસમંજસ અવસ્થાને શાંતિ આપે. જ્ઞાન-વિજ્ઞાન વેદ-ધર્મ, સત્ય આચાર-વિચારના અખૂટ ખજાના જે ખોબલા ખોબલા ભેર વેરે છે એવા પરમ મિત્ર પુસ્તકો સૌને માટે રહનુમા માર્ગદર્શક અને મંઝિલભણી પહોંચાડતા મિત્ર જેવા છે. મિત્રની મદદ પામવા હાકલ કરવી પડે છે. જ્યારે પુસ્તક નામનો મિત્ર આપણી સમીપ આપણા હાથ વેંતમાં જ રહે છે. એટલે જ પુસ્તકોને Friends For Ever કહેવાયા છે.

- જય જ્ઞાતિમૈયા

# નિઃસ્વાર્થ સંબધનો નાતો : મિત્ર

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

મિત્ર કેવો હોવો જોઈએ એ વિષ જ્ઞાનીજનોએ કહ્યું છે કે '**મિત્ર એ સો કીજીયે, ઢાલ સરીખો હોય, સુખ મેં પીછે રહે, દુઃખ મેં આગે આગે હોય**. જ્યારે જ્યારે કોઈપણ આપત્તિ આવી પડે ત્યારે વગર બોલાવે પહોંચી આવે અને સુખનો છાંયડો આવે ત્યારે આપણા ભલા માટે પાછળ હટી પૂરો આનંદ-સુખ-મજા આપણે એકલા માણી શકીએ એ વિચારથી પારોઠ લઈ લે એ છે મિત્ર. મિત્રતાનો સંબંધ અનોખો છે. સગાસંબંધી નજીકના નાતીલાઓ જન્મતાની સાથે મળી જતા હોય છે. જ્યારે મિત્ર એવો સંબંધ છે જે આપણે સ્વયં બનાવી શકીએ છીએ.'

આપણને સાચો મારગ બતાવે, આપણી ભૂલ થતી હોય તો જાહેરમાં કહેવાને બદલે છાની પણે આપણું ધ્યાન દોરે એ સાચો મિત્ર. સાચા મિત્રનું જીવનમાં હોવું ઘણું મહત્વનું છે. મિત્ર વગરનો માણસએ તારા વિહીન આકાશ અને પક્ષી વિહીન ઉપવન જેવો બેરંગી જીવન વિતાવે છે. સાચી મિત્રતા પામનારના આનંદમાં ગુણાકાર અને મુશ્કેલીઓમાંથી બાદબાકી થાય છે. બીજા સંબંધો ઓછા વતા અંશે શોષણ કરે છે પણ મૈત્રી સંબંધ કાયમ પોષણ કરે છે. કૃષ્ણ અને સુદામાની મૈત્રી, મહાભારત કથામાં દુર્યોધન-કર્ણની મૈત્રી આદર્શ નિઃસ્વાર્થ સંબંધને વ્યાખ્યાતીત કરે છે. એવી જ રીતે દ્રોપદી-કૃષ્ણ વચ્ચેનો સખા ભાવ સંબંધ એ દર્શાવે છે કે જ્યાં મિત્રનો સાદ થાય ત્યાં પ્રતિસાદ તત્કાળ પહોંચે છે.

સફળ વ્યક્તિને સૌથી વધુ જરૂર સાચા મિત્રની હોય છે. સફળતાના શિખરે પહોંચ્યા પછી જ્યારે સૌ કોઈ નજીક આવવા હડી કાઢે છે ત્યારે એ સમયે આરસી બતાવી શકે એવા ખરા મિત્રની જરૂર હોય છે. જેથી ભીડ વચ્ચે તમે એકલા ન પડી જાવ.

સ્કૂલ સમયના, કોલેજ કાળના, સોસાયટી, એરિયા, પરિસરના તો વળી આવતા જતાં લોકલ ટ્રેનમાં થતા મિત્રો, ને વ્યવસાય સર્વીસ દરમ્યાન ઓફિસ સર્કલના ભાઈબંધ આમ સમય વીતતો જાય છે તેમ તેમ ઘણાં મિત્રો છૂટતા જાય છે ને નવા મિત્રો સાથે ભાઈ બંધી થતી જાય છે. ઈશ્વર જેમને લોહીના સંબંધથી જોડવાનું ભૂલી ગયા હોય એવી વ્યક્તિઓને ઈશ્વર આપણા જીવનમાં મિત્રો બનાવીને ભૂલને સુધારી લેતા હોય છે. મિત્ર એવા દિલદાર હોય છે. જેમની સામે એક ખોબો દુઃખ ઠાલવો તેની સામે તેઓ સુખનો એક આખો કોથળો ભરી દે તેનું નામ મિત્ર. દોસ્તી એટલે દિલનો સંબંધ. મિત્રતાના સંબંધને કોઈ વ્યાખ્યામાં બાંધવું મુશ્કેલ છે. મિત્રનો પર્યાયી શબ્દ ભાઈબંધ અને સખી, સહેલી, જેડલ માટે બહેનપણી. જે ભાઈ જેવો સંબંધ જોડે એ ભાઈબંધ અને જે બહેનની કમી પુરી કરે એ બહેનપણી. મિત્રતાના સંબંધમાં કોઈ અપેક્ષા હોતા નથી. દોસ્તી કોઈ અવસર કે ઔચિત્યની મોહતાજ હોતી નથી. બડ્ડી અને બેસ્ટી આજની પેઢીના મિત્રોની ઓળખ છે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા પર્યુષણ મહાપર્વની ઉજવણી









શ્રી છ.ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા ૨૬ વર્ષોથી પર્વાધિરાજ શ્રી પર્યુષણ મહાપર્વ ખૂબજ હર્ષોલ્લાસ સાથે મનાવવામાં આવે છે તેવી જ રીતે આ વર્ષે પણ શ્રાવણ વદ ૧૩ શનિવાર, તા.૩૧ ઓગસ્ટથી ભાદરવા સુદ ૬ રવિવાર તા.૮ સપ્ટેમ્બર સુધી ૯ દિવસીય કાર્યક્રમની આરાધના કરાવા માટે શ્રી આર્યરક્ષિત તત્વજ્ઞાન જૈન વિદ્યાપીઠ, મુંબઈથી આરાધક/વિધિકાર શ્રી દુર્ગેશ જયંતીલાલ નંદુ (રાજાભાઈ) વાંઢ-ડોંબિવલી સાથે શ્રી રૌનક હરખચંદ સંગોઈ (ટોડા-ડોંબિવલી)ના સાથે કચ્છના પ્રસિદ્ધ ઢોલી, શરણાઈ વાદકની ટીમ પધારેલ.



# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા પર્યુષણ મહાપર્વની ઉજવણી







આ વર્ષે શ્રી પર્યુષણ મહાપર્વના મુખ્ય લાભાર્થી માતુશ્રી મલ્યાબેન જવેરચંદ છેડા પરિવાર (સુજાપુર-રાયપુર)ના હસ્તે શ્રી જૈન ધ્વજારોહણ લહેરાવવામાં આવેલ. શ્રી પર્યુષણ પર્વના પ્રથમ દિવસે સવારે ૬ વાગેથી શ્રી ભક્તામર સ્ત્રોત અનુષ્ઠાન પ્રતિદિન લાભાર્થી વિભિન્ન લાભાર્થી પરિવારોના ઘરે રાખવામાં આવેલ.



# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા પર્યુષણ મહાપર્વની ઉજવણી










શ્રી અષ્ઠાનિકા અર્પણનું લાભ માતુશ્રી નિર્મલાબેન વીરચંદ છેડા પરિવારે લીધેલ. એકાસણા/સ્વામીવાત્સલ્યના બાદ બપોરે ૨ વાગે શ્રી વર્ધમાન શક્રસ્તવ અનુષ્ઠાન માતુશ્રી જેતબાઈ ગોવિન્દજી મોમાયા પરિવાર દ્વારા રાખવામાં આવેલ. સાંજે પ્રતિદિન ચૌવિહારના લાભાર્થી માતુશ્રી ગંગાબાઈ ડુંગરશી જેવત મોમાયા પરિવારએ લીધેલ. પર્વના બીજા દિવસે ભક્તામર પાઠ, વ્યાખ્યાન બાદ શ્રી પોથીજી પધરાવવાનું લાભ માતુશ્રી મલ્યાબેન જવેરચંદ છેડા પરિવારએ લીધેલ.

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા પર્યુષણ મહાપર્વની ઉજવણી









એકાસણા/સ્વામીવાત્સલ્ય બાદ ૨ વાગે શ્રી નમીઉણ પાર્શ્વનાથ અનુષ્ઠાન માતુશ્રી સુશીલાબેન વીરચંદ વિકમશી પરિવાર દ્વારા રાખવામાં આવેલ. પર્વના ત્રીજા દિવસે ૯ વાગે વ્યાખ્યાન બાદ શ્રી પોથીજીની શોભાયાત્રા સાથે સિધ્ધિતપ, વર્ષી તપના તપસ્વીઓને બગ્ગીમા બેસાડીને શોભાયાત્રા નિકાળવામાં આવેલ. રાત્રે શ્રી જિનાલય પરિસરના મૈદાનમાં લાભાર્થી પરિવાર દ્વારા શ્રી પોથીજીનું જાગરણ રાખવામાં આવેલ.

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા પર્યુષણ મહાપર્વની ઉજવણી









શ્રી પર્યુષણ પર્વના ૪ થી દિવસે ભક્તામર પાઠ, વ્યાખ્યાન બાદ એકાસણા/સ્વામીવાત્સલ્ય બાદ બપોરે ૨ વાગેથી શ્રી શાશ્વત ગિરિવર ૧૦૮ શંત્રુજ્ય અનુષ્ઠાનના લાભાર્થી સ્વ.સૌ.હેમલતાબેન પરેશભાઈ શિયાલની સ્મૃતિમાં હસ્તે શ્રી પરેશ પદમશી શિયાલ પરિવાર (જખૌ-નાસિક) હતા. પર્વના ૫ મા દિવસે શ્રી ભક્તામર, વ્યાખ્યાન શ્રી મહાવીર સ્વામીજીનું જન્મવાંચન ૧૪ સ્વપ્નો અને શ્રી પાલનાજીની, શ્રી કલ્પવૃક્ષની બોલીયોં લેવામાં આવેલ. ત્યારબાદ સકલ સંઘનું એકાસણા/સ્વામીવાત્સલ્યના મુખ્ય સહયોગી લાભાર્થી સ્વ.શ્રી મણીકાંત મેઘજી મોમાયા પરિવાર (સાંયરા-રાયપુર) હતા.

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા પર્યુષણ મહાપર્વની ઉજવણી













પર્વના ૬ ઠા દિવસે શ્રી ભક્તામર પાઠ, વ્યાખ્યાન બાદએકાસણા/સ્વામીવાત્સલ્ય બાદ બપોરે ૨ વાગે થી શ્રી લઘુ સિધ્ધચક્ર અનુષ્ઠાનના લાભાર્થી સ્વ.સૌ.હેમલતાબેન પરેશભાઈ શિયાલની સ્મૃતિમાં હસ્તે માતુશ્રી લક્ષ્મીબેન લક્ષ્મીચંદ મોમાયા પરિવાર નાસિક હતા. પર્વના ૭ મા દિવસે વ્યાખ્યાન, ભક્તામર, વ્યાખ્યાન બાદ એકાસણા/સ્વામીવાત્સલ્ય બાદ બપોરે ૨ વાગેથી શ્રી સમયક તપ અનુમોદના ભવ્યાતિ ભવ્ય સાંજીના લાભાર્થી સૌ.મંજુલાબેન કુલીનકાંત જીવાણી પરિવાર અને સંપૂર્ણ તપસ્વીયોના બહુમાનના લાભાર્થી માતુશ્રી પુષ્પાબેન નારાયણજીભાઈ મૈશેરી પરિવાર હતા.

આ કાર્યક્રમમાં રાયપુર પશ્ચિમના MLA શ્રી રાજેશ મૂણોતજી વિશેષ રૂપે પધારેલ એમનું સમ્માન કરવામાં આવેલ. સાંજે સકલ સંઘની ચૌવિહારના મુખ્ય સહયોગી લાભાર્થી શ્રી જિગર સતીશભાઈ છેડાની અઠ્ઠાઈ તપ નિમિત્તે માતુશ્રી મલ્યાબેન જવેરચંદ છેડા પરિવાર હતા. પર્વના ૮ મા દિવસે ભક્તામર, વ્યાખ્યાન બાદ શ્રી બારસાસૂત્ર અર્પણનું લાભ માતુશ્રી મુરબાઈ જવેરચંદ લોડાયા પરિવાર હતા. ફોટો દર્શનનું લાભ શ્રીમતી નવલબેન વિનોદચંદ મૈશેરી પરિવાર હતા શ્રી સમ્યક જ્ઞાન અનુષ્ઠાન અર્પણ શ્રી ભાદરવા સુદ ૬ના દ્વારો ઉદ્‌ઘાટનનું લાભ સૌ.ભાવનાબેન પોલડીયા અને સૌ.કિરણબેન યશ ગોલેચ્છાના સિધ્ધિ તપ નિમિત્તે શ્રી કીર્તિભાઈ શીવજી પોલડીયા પરિવાર હતા.

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા પર્યુષણ મહાપર્વની ઉજવણી









# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા પર્યુષણ મહાપર્વની ઉજવણી













ત્યારબાદ તપસ્વીઓના સામૂહિક પારણા અને સકલ સંઘની નવકારશીના મુખ્ય સહયોગી લાભાર્થી અશોકભાઈ પોપટલાલ પરિવાર હતા. બાદ સામૂહિક ક્ષમાપના, તપસ્વીઓનું બહુમાન શ્રી રાજાભાઈ નંદુ, શ્રી રૌનકભાઈ સંગોઈનું બહુમાન કરવામાં આવેલ. ત્યારબાદ સમસ્ત સ્ટાફ, ફોટોગ્રાફર, સાઉન્ડ-માઈક, કેટરર્સ રસોઈયા, રેજા સર્વેનું સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ આરતી કરી શ્રી પાલનાજી અને સ્વપ્નોની શોભાયાત્રા બાદ સ્વામીવાત્સલ્યના મુખ્ય સહયોગી લાભાર્થી માતુશ્રી જેતબાઈ ગોવિંદજી મોમાયા પરિવાર (સાંયરા-રાયપુર) હતા. રાતે ૮ વાગેથી શ્રી પાલનાજીનું જાગરણ લાભાર્થી પરિવાર માતુશ્રી ગંગાબાઈ ડુંગરશી જેવત મોમાયા પરિવાર (નલિયા-રાયપુર) હતા.

શ્રી તપસ્વીઓની યાદી :

શ્રી સિધ્ધિતપ : સૌ.મૃદુલાબેન ભૂપેન્દ્રભાઈ મોમાયા, સૌ.પૂજાબેન હિતેશભાઈ મોમાયા, સૌ.ભાવનાબેન કીર્તિભાઈ પોલડીયા, શ્રી ભરત નારાયણજીભાઈ મૈશેરી, સૌ.કિરણ યશ ગોલેચ્છા.

શ્રી અઠ્ઠાઈ તપ : ચિ.ભૂમિન તુષારભાઈ લોડાયા, ચિ.ગૌતમ ડાકેશભાઈ ધરમશી-ભાટાપારા, શ્રી જિગર સતીશભાઈ છેડા, સૌ.પ્રીતિબેન યશવંતભાઈ છેડા-ભાટાપારા

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા પર્યુષણ મહાપર્વની ઉજવણી







# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા પર્યુષણ મહાપર્વની ઉજવણી
















# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા પર્યુષણ મહાપર્વની ઉજવણી







# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા પર્યુષણ મહાપર્વની ઉજવણી





દર વર્ષે પ્રમાણે આ વર્ષે પણ શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુરનું કાયમી શ્રી નાત જમણ (સ્વામીવાત્સલ્ય) માતુશ્રી મધુરીબેન લાલજી ઘેલાભાઈ શાહ પરિવાર (જખૌ-U.S.A.મુંબઈ), શ્રી ઘેલાભાઈ ફાઉન્ડેશન, રાયપુર દ્વારા રવિવાર, તા.૧૫ સપ્ટેમ્બરના શ્રી કુંથુનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધલક્ષી હૉલમાં રાખવામાં આવેલ.

શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા પ્રતિવર્ષાનુસાર આ વર્ષે રવિવાર, તા.૨૨ સપ્ટેમ્બર ૨૦૨૪ના ચૈત્યપરિપાટીનું આયોજન કરવામાં આવેલ. રાયપુરના વિભિન્ન જિનાલયોમાં દર્શન, પ.પૂ.સાધુ ભગવંતો અને સાધ્વીજીને સંવત્સરિક ક્ષમાપના કરી ખમાવીને સાધર્મિક ભક્તિને લાભ આપી સર્વે છૂટા પડ્યા.



# શ્રી ક. દ. ઓ. જૈન (નલિયાવાસી) મુંબઈ ચેરિટેબલ ટ્રસ્ટ
## સ્થાપિત અને સંચાલિત



# શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવન

## શ્રી અંબે માતાજીને નમતા ભાવિકો તરફથી
## રૂા. ૫૧,૦૦૦/- (એકાવન હજાર પુરા)ના
### સહયોગી દાતાશ્રી

**નલિયા માં બિરાજિત નાગડા ગોત્રના શ્રી અંબે માતાજીના ભુવા કાર્યક્રમ નિમિત્તે શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવનને દાન મળેલ છે.**

**અનુદાન આપવા બદ્દલ આપ સર્વે સખી દાતાઓની ભુરી ભુરી અનુમોદના... ખુબ ખુબ આભાર...**

**બહારગામથી આવનાર યાત્રીકો માટે અતિથી ભવનમાં ઉત્તમ સગવળ સાચવવા** ઉપરાંત
• શૈક્ષણિક સહાય • મેડીકલ કેમ્પ • મેડીકલ આર્થિક સહાય • આપણી જ્ઞાતીની વિવિધ સંસ્થાઓના કાર્યોમાં સહયોગ આપવાની પ્રવૃત્તીઓને ધબકતુ રાખવા હરહંમેશ ઉદારદિલ દાતાશ્રીઓએ પોતાની લક્ષ્મીને પુણ્યલક્ષ્મી બનાવવા અનુદાન આપેલ છે તે સર્વેનો ખુબ ખુબ આભાર... સો સો સલામ... ભુરી ભુરી અનુમોદના...

*મનુષ્ય દેહ મોંઘો મળ્યો, અને જીવાય કેવું જીવતર,*
*પણ તન-મનમાં જરા તપાસજો, એ જોને વખત કાઢયાનું વળતર.*
સર્વે દાનવીરોને નાનુ-મોટુ અનુદાન લખાવી સંસ્થાના
આ સેવા યજ્ઞને આગળના સમયમાં પણ જ્વલંત રાખવા નમ્ર વિનંતી.

**:: બેંક એકાઉન્ટની વિગત::**

એકાઉન્ટનું નામ : શ્રી ક. દ. ઓ. જૈન (નલિયાવાસી) મુંબઈ ચેરિટેબલ ટ્રસ્ટ
Saving A/C No. : 99310100003815, બેંકનું નામ: બેંક ઓફ બરોડા,
૨૩૪/૨૩૬ નરશી નાથા સ્ટ્રીટ, ભાત બજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
IFSC Code : BARBODBBBAZ (Fifth Numeric is Number Zero)

**મુંબઈ કાર્યાલય:**
૧૦૯, અનુરાગ બિઝનેસ સેન્ટર, ઘાટલા રોડ,
ચેમ્બુર (ઈસ્ટ), મુંબઈ-૭૧.
મો.નં. ૯૮૨૧૦૨૭૮૭૪ ઈમેલ -
kdonaliyatrust@gmail.com

**સ્થાનિક કાર્યાલય:**
મોતા ફળિયા, જૈન દેરાસરજી પાસે, તાલુકા
અબડાસા (કચ્છ), નલિયા - ૩૭૦૬૫૫
ફોન નં.: 02831222215,
મેનેજર (પવન કુમાર સાયલા)– 9909729451

**કચ્છ પધારો ત્યારે નલિયામાંજ રોકાશો...**
કચ્છની ટુર વખતે યુવા વર્ગને અમારા અતિથિ ગ્રૃહમાં એક વાર પધારી અમને લાભ આપવા ખાસ નમ્ર અનુરોધ છે.

**શ્રી ચંદ્રપ્રભુ જૈન અતિથી ભવનના સમસ્ત ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર.**

# સંજીવની કેસ નં.૧૫૨ માટે જરૂરી રૂા.૩.૮૫ લાખ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું




સુજાપુર અમદાવાદના ૬૦ વર્ષીય કુ.નીતાબેન પદમશી સાંયાને ડાબા પગના સેલ્યુલાઈટિસની અને કિડનીની તીવ્ર ઈજાને લીધે તાત્કાલિક હોસ્પિટલમાં આઈસીયુમાં દાખલ કરાયા. અહીં ડિબ્રિડમેન્ટ સાથે ડાબા પગના ફાસિઓ ટીમી સર્જરી કરાવી.

કુટુંબમાં કોઈ કમાઉ સભ્ય નથી. દર્દીની કોઈ બચત નથી કે નથી કોઈ વીમાનું કવચ. જેના કારણે આકસ્મિક આવી પડેલ આપદા સામે તેઓ લાચાર વશ થઈ ગયા હતા. એટલે સંકટ સમયની સાંકળ એવી મેડિકલ સમિતિની સંજીવની યોજના અંતર્ગત સારવાર અને હોસ્પિટલ ખર્ચ માટે અંદાજિત ખર્ચ રૂા.૩.૮૫ માટે અરજી સબ્મીટ કરી.

કેસના કાગળોનો અભ્યાસ કરી જરૂરી રકમ જમા કરવા ક્રાઉડ ફંડિગમાં ખૂલ્લો મૂકાયો. જે માટે એક સદ્‌ગૃહસ્થ અનામી દાતાએ ગુપ્ત રીતે પોતાનું નામ છાનું રાખી. રૂા.૧.૨૧ લાખનું ઉદાર દાન નોંધાવ્યું ટૂંક સમય ગાળામાં જરૂરી ભંડોળ રૂા.૩.૮૫ જમા થઈ જતા સદર કેસ ક્રાઉડ ફંડિગમાંથી પરત લઈ લેવાયો.

આજ સુધીના પ્રત્યેક સંજીવની કેસ મુજબ દરેક વ્યક્તિગત દાતા, ટ્રસ્ટ, મહાજન, એકમ, મંડળએ જે ઉદાર ભાવ રાખી માનવીય મદદ માટે મોકળું મન રાખ્યું છે જે અનુમોદનીય છે. મેડિકલ સમિતિ સૌની શત શત વંદના કરે છે અનુમોદના કરે છે.

# શ્રી ક. દ. ઓ. જૈન (નલિયાવાસી) મુંબઈ ચેરિટેબલ ટ્રસ્ટ

## સ્થાપિત અને સંચાલિત



# શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવન

વીર પ્રભુના માર્ગને અનુસરી, આત્માને શુભભાવથી પખાળી, સર્વ જીવોને મન-વચન-કાયાથી ખમાવી, વિતેલા વર્ષ દરમ્યાન અમારા થી કાંઈ ક્ષતિ થઈ હોય તો પરસ્પર ક્ષમાપના કરી, આ મહામુલ્ય માનવભવને સાર્થક કરવામાં એક ડગલું આગળ વધીને, આત્માને શુભભાવોને પખાળી, આપ સર્વેના મૈત્રી ભાવની મંગલકામના કરીએ છીએ.

# મિચ્છામી દુક્કડમ

સમસ્ત જ્ઞાતીના સૌ તપસ્વીઓની ભુરી ભુરી અનુમોદના સાથે શાતા પુછીયે છીએ. રૂબરૂ ન મળી શકીયે તો પણ હૃદયના એજ અહોભાવ ગત વર્ષમાં અમારા અતિથિ ભવનના આતિથ્ય-સતકારમાં જાણતા-અજાણતા કોઈપણ ક્ષતિ રહી હોય સૌને ક્ષમાયાચના કરીયે છે.

બહારગામથી આવનાર યાત્રીકો માટે અતિથી ભવનમાં ઉત્તમ સગવળ સાચવવા ઉપરાંત ● શૈક્ષણિક સહાય ● મેડીકલ કેમ્પ ● મેડીકલ આર્થિક સહાય ● આપણી જ્ઞાતીની વિવિધ સંસ્થાઓના કાર્યોમાં સહયોગ આપવાની પ્રવૃત્તીઓને ધબક્તુ રાખવા હરહંમેશ ઉદારદિલ દાતાશ્રીઓએ પોતાની લક્ષ્મીને પુણ્યલક્ષ્મી બનાવવા અનુદાન આપેલ છે તે સર્વેનો ખુબ ખુબ આભાર... સો સો સલામ... ભુરી ભુરી અનુમોદના...

*મનુષ્ય દેહ મોંઘો મળ્યો, અને જીવાય કેવું જીવતર,*
*પણ તન-મનમાં જરા તપાસજો, એ જોને વખત કાઢયાનું વળતર.*

સર્વે દાનવીરોને નાનુ-મોટુ અનુદાન લખાવી સંસ્થાના આ સેવા યજ્ઞને આગળના સમયમાં પણ જ્વલંત રાખવા નમ્ર વિનંતી.



**ટ્રસ્ટીગણ**

શ્રી ચીમનલાલ હીરજી ખોના-માટુંગા, શ્રી વિજયભાઈ વર્ધમાન ખોના-ગોવંડી
શ્રી નરેન્દ્રભાઈ ભવાનજી દંડ-નલિયા, શ્રી મયંકભાઈ ગોવિંદજી મોમાયા-બાન્દ્રા,
શ્રી રૂપમભાઈ મણીલાલ ભઠારા-ઘાટકોપર, શ્રી ચેતન માણેકચંદ્ર ખોના-ગોરેગામ,
શ્રી ઉમેશ ખેતશી મોતા-ઘાટકોપર, શ્રી લીનેશ લહેરચંદ નાગડા-ઘાટકોપર
શ્રી મનીષ ચીમનલાલ નાગડા-ઘાટકોપર

: શુભેચ્છક સૌજન્ય :

શ્રી લિતેશ નવીનચંદ્ર ખોના-ઘાટકોપર, શ્રી જયંતભાઈ વિશનજી છેડા-મુલુંડ

# વડોદરા સંઘમાં ચાતુર્માસ બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી રાજપ્રજ્ઞાશ્રીજી મ.સા. સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા



શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન વડોદરામાં ચાતુર્માસ બિરાજમાન અચલગચ્છના પરમ વિદુષી પ.પૂ. સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી રાજપ્રજ્ઞાશ્રીજી ભાદરવા સુદ પાંચમ તા.૨૨ સપ્ટેમ્બર રવિવારના સવારે ૯.૩૦ કલાકે નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

વાક્ષેપ પૂજા સવારે ૧૧.૩૦ કલાકે વિવિધ ચડાવા તથા બોલી બપોરે ૩ કલાકે બોલાયા. માંડવી સાંજના ૫ કલાકે સંઘના ભાવિક ભાઈ બહેનોની બહોળી હાજરી વચ્ચે જય જય નંદા જય જય ભદ્રાના જાપ વચ્ચે નમ થયેલ અશ્રુનિતરતી આંખે ભક્તોએ અંતિમ દર્શન કરી વિદાય આપી હતી.

## તિરૂપુર સંઘમાં મહાભિ નિષ્ક્રમણ અનુષ્ઠાનની ધર્મ આરાધનાઓ થઈ



તા.૧૫ સપ્ટેમ્બર રવિવારના રોજે દક્ષિણ ભારત પ્રાંતના તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ જિનાલયમાં પ.પૂ. સાધ્વી ડૉ.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં મહાભિનિષ્ક્રમણનું અનુષ્ઠાન સંગીતકાર નિલેશભાઈ રાણાવતના સથવારે ઉજવવામાં આવેલ. જેમાં ૩૨૫ જેટલા ભાવિક ભાઈ બહેનો સહભાગ લઈ ધન્ય લાભ લીધો હતો.

શ્રી સંઘ તરફથી શ્રી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવેલ.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી લાલા નગરે શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલય મધ્યે પર્યુષણ મહાપર્વની ભવ્યાતિ ભવ્ય ઉજવણી થઈ









કચ્છ અબડાસા જિલ્લાના શ્રી લાલા નગરે નાનકડું પણ સુંદર રમણીય જિનાલયમાં બિરાજમાન મૂળનાયક શ્રી ચંદ્રપ્રભ સ્વામીની શીતલ છાયા પર્યુષણ મહાપર્વ ઉજવણી હર્ષ ઉલ્લાસ સાથે ગામના નીયાણી શ્રીમતી ગીતાબેન ખુશાલભાઈ લોડાયા અને મોનિકાબેન પ્રવીણ મૈશેરી બહુ જ સુંદર રીતે ધર્મની આરાધના કરાવી હતી.

જેમાં મુખ્યત્વે પર્યુષણ પર્વ દરમિયાન લાલા તથા રાણપર ગામવાસીઓ તથા નીયાણી બહેનો અને પધારેલ મહેમાનો સ્વાગત કરાયું.

આ વખતે પર્યુષણ પર્વ શરૂઆતમાં ગુજરાતના કચ્છ જિલ્લામાં વાવાઝોડા તથા અતિભારે વરસાદના કારણે અને ટ્રેનની અનિયમતા અને પરિસ્થિતિને અનુલક્ષીને કારણે પર્યુષણ મહાપર્વ બે દિવસ પછી ચાલુ કરવી પડી હતી દર વર્ષની જેમ આ વર્ષે સંખ્યા થોડી હતી પણ ઓછી સંખ્યામાં પણ બહુંજ સુંદર આરાધના થઈ હતી.

# શ્રી લાલા નગરે શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલય મધ્યે પર્યુષણ મહાપર્વની ભવ્યાતિ ભવ્ય ઉજવણી થઈ











સવારે રાઈ પ્રતિક્રમણ, દર્શન પૂજા, ભક્તામર, અષ્ટનીહીકા વ્યાખ્યાન તથા રોજ ધાર્મિક પ્રશ્નોત્તરી અને રોજ લકી ડ્રો તથા બપોરે વિવિધ અનુષ્ઠાન સાંજે પ્રતિક્રમણ,રોજ રાતે ભક્તિ ભાવનામાં શ્રી શાંતિલાલભાઈ તથા રાજેશ મોમાયા તથા બહેનો રમઝટ જમાવી હતી. અને શાસન દેવી શ્રી મહાકાળી માતાજીની ભાવના મહાજન તરફથી રાખવામાં આવી હતી. કુમારપાળ મહારાજાની આરતી (૧૦૮ દીવાની) નો લાભ અ.સૌ.સોનલ મિતેષ લોડાયા લીધો હતો. કલ્પસૂત્ર તથા પારણાનો વરઘોડો બહુ જ ધામધૂમથી થયો હતો. સ્વપ્નની ઉછામણીનું ૨૭૦૦૦ ઘૃતમણ થયું હતું. સ્વપનની ઉછામણીનું સંચાલન રાજેશ મોમાયા એ કર્યું હતું.

# શ્રી લાલા નગરે શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલય મધ્યે પર્યુષણ મહાપર્વની ભવ્યાતિ ભવ્ય ઉજવણી થઈ









શાલીભદ્રની પેટી ૩૧૦૦૦/- રૂપિયામાં શ્રીમતી શિલ્પાબેન વિજયભાઈ વિક્રમશી વારાપધ્ધર વાળાએ લાભ લીધો હતો.

પર્યુષણ મહાપર્વમાં લાલા તીર્થમાં અઠાઈ તપ જેનિલ મોમાયા, યાત્રી પ્રવીણ મૈશેરી.

અઠમ તપ નિતી મૈશેરી, જીલ દેઢિયા.

એકાસણા શ્રીમતી ગીતાબેન લોડાયા.

વર્ષીતપ આરાધક પ્રવીણ મૈશેરી, મોનિકા મૈશેરી

બધા તપસ્વીને શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ તરફથી બધા સુખ સાતમાં છો. ખૂબ ખૂબ ભૂરી ભૂરી અનુમોદના

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન તથા જુલાઈ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા.૨૦ સપ્ટેમ્બરથી ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૪ | કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલી દ્વારા રાજસ્થાન ચૈત્ય પરિપાટી. |
| તા. ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ, મુલુંડની વાર્ષિક સામાન્ય સભા, મુલુંડ |
| તા. ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી | સાંઘવ તીર્થઃ શ્રી શેત્રુંજય ૯૯ યાત્રા |
| તા. ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૪ | કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલી દ્વારા આયોજિત શ્રી મહાકાળી માતાજીની ભાવના, હોરિઈઝન હોલ, ડોબિંવલી પૂર્વ |
| તા. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ.મંડળ, ડોમ્બિવલીનું સ્નેહ મિલન, સાધર્મિક ભક્તિ સહ તપસ્વીઓનું બહુમાન હોરાઈઝન હોલ ડોંબિવલી(પૂર્વ). |
| તા. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૪ | કેડીઓ કલાસિક તથા સંલગ્ન સંસ્થાઓ તરફથી સ્વામી નારાયણ સંત શ્રી જ્ઞાન વત્સલ સ્વામીજીનું પ્રવચન, રાત્રે ૮.૩૦ ક. કાલીદાસ, મુલુંડ |
| તા. ૦૩ ઓક્ટોબર ૨૦૨૪ | નલિયા જિનાલયમાં શ્રી ચંદ્રપ્રભ સ્વામી સહ જવાલામાલિની દેવી મહાપુજન. |
| તા. ૧૩ ઓક્ટોબર ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ તથા મહિલા વિભાગના ૩૬ મા વાર્ષિકોત્સવ અન્વયે સરસ્વતી સન્માન સમારોહ બપોરે ૩ થી ૫ ક. તથા પાન્જી ધરોહર ૩ (ગરબા, ફેશન શો તથા મોનો એક્ટ પ્લે) : સમૃદ્ધિ હોલ, મુલુંડ. |
| તા. ૮ થી ૧૦ નવેમ્બર ૨૦૨૪ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન વારાપધર સ્થાને. |
| તા. ૧૦ નવેમ્બર ૨૦૨૪ | પ્રકાશ સમિક્ષા શતાબ્દી નિમિત્તે સન્માન સમારોહ સવારે ૧૦.૦૦ થી બપોરે ૩.૦૦ ક. : શ્રી નારાણજી શામજી મહાજન વાડી, માટુંગા |
| તા. ૧૫ થી ૧૭ નવેમ્બર ૨૦૨૪ | જખૌ તીર્થમાં ત્રિદિવસીય પરમાત્મ ભક્તિમય મહોત્સવ તથા જખૌ વાસીઓનું સ્નેહ મિલન. |
| તા. ૧૫ થી ૧૮ નવેમ્બર ૨૦૨૪ | જખૌમાં મુનવર પરીવારોની કુળદેવી શ્રી અંબેઆઇ માતાજીના મંદિરે તથા નવ નિર્મિત શ્રી ભીખુપીર દાદાના મંદિરે મુનવર પરીવારોના ભુવાજીશ્રીના બાના બદલી તથા માતાજીની પુનઃ પ્રતિષ્ઠા સહ વિવિધ કાર્યક્રમ. |
| તા. ૨૩ નવેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. હિરલ શૈલેશ નરશી પીર લોડાયા, બાયઠ : દિક્ષા મહોત્સવઃ ભાંડુપમાં |
| તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪, | પ્રકાશ સમીક્ષા શતાબ્દી ઉજવણી, ષણમુખાનંદ હોલ, માટુંગા, મુંબઈ. |
| તા. ૯ થી ૧૧ ડીસેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. જિનલ રવિન્દ્ર નરશી લોડાયા, નલિયા-ચોપડાનું દિક્ષા મહોત્સવ, ચાલીસગામ. |
| તા. ૧૦ ડિસેમ્બર ૨૦૨૪ | કોટડી મહાદેવપુરીમાં ધ્રોળ પરીવારના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રી વાછરા દાદા સ્થાનકે ધ્વજારોહણ મહોત્સવ |

# શ્રી કોચીન દેરાસરના જર્જરીત ત્રિગડાને નવા નકશીકામ સાથે દૈદિપ્યમાન રૂપ મળ્યું






કેરાલા રાજ્યના કોચીન નગરના દેરાસરના જર્જરિત થઈ ગયેલ ત્રિગડાને નલિયા હાલે પુનાના માતુશ્રી રૂપાબેન ગોવિંદજીભાઈના સુપુત્રી ફાલ્ગુનીબેનના નેજા હેઠળ પાંચ જણાની ટીમએ આકર્ષક અને નવું રૂપ આપેલ છે. આ સુશોભિત નઝરાણાના સૂત્રધાર સૃજન આર્ટ કોચીના ફાલ્ગુનીબેન-૯૮૪૬૨૬૮૦૪૯ રહ્યાં હતાં.

દેરાસરના પદાધિકારીઓએ આજના ત્રિગડો જે કાષ્ટનું છે. જેમાં તમે સુધારો કરી નવું આકર્ષક અને ભવ્ય બનાવો. ફાલ્ગુનીબેનએ કામ હાથ ધરતાં વેંત જ કહ્યું કે આ ચાંદીનો છે. અને પછી તેમની કલ્પના અને કલાનું લીધે જે આગવું રૂપ પ્રદાન કર્યું છે, સુંદર-નકશીકામ અને આકર્ષણપણે ઝીણવટ ભરી માવજત કરીને બેનમૂન રૂપ આપ્યું છે જે બે મિસાલ છે.

શ્રી કોચીન સંઘ ફાલ્ગુનીબેન અને તેમની ટીમની કલાને, સમર્પિત ભાવને સો સો વંદન કરી અનુમોદના કરે છે. પ્રભુ પરમાત્માના આ નૂતન સિંહાસનનું નવું રંગરૂપ ખરેખર આકર્ષક અને દર્શનીય છે.

---


।। દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ।।

।। વિધિપક્ષ અચલગચ્છ પ્રવર્તક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ।।

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

## શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ

### શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ
### આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

**તીર્થ સંસ્થાપક :** શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા**

**તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક :** પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા**


**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

**ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા**


• સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

**સૌજન્ય : અજય હિતેન્દ્ર મોતા (રાપરગઢ)**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**કિશોરભાઈ નાગડા**
તા.૧ સપ્ટેમ્બર (ઉ.૭૮)
સાંધાણ-કાલિકટ



**પ્રવીણભાઈ લોડાયા**
તા.૩ સપ્ટેમ્બર
નાનીખાવડી-પરેલ



**હીનાબેન લોડાયા**
તા.૪ સપ્ટેમ્બર (ઉ.૫૯)
રાપરગઢવારી-થાણા




**મીતાબેન મોમાયા**
તા.૫ સપ્ટેમ્બર (ઉ.૬૪)
વરાડીયા-વસઈ




**લલિતભાઈ નાગડા**
તા.૫ સપ્ટેમ્બર (ઉ.૮૦)
સુથરી-મુંબઈ



**હીરાચંદ લાપસીયા**
તા.૫ સપ્ટેમ્બર (ઉ.૬૯)
દલતુંગી-ડોંબિવલી



**નાયકભાઈ દંડ**
તા.૬ સપ્ટેમ્બર (ઉ.૭૭)
સુથરી-શ્રીરામપુર



**નવિનચંદ્ર મૈશેરી**
તા.૭ સપ્ટેમ્બર (ઉ.૭૯)
જખૌ-આદિપુર



**દિનેશભાઈ લોડાયા**
તા.૯ સપ્ટેમ્બર (ઉ.૬૬)
મોટી ખાવડી-મીરા રોડ



**લક્ષ્મીબાઈ મૈશેરી**
તા.૯ સપ્ટેમ્બર (ઉ.૮૨)
નાનીસિંધોડી-મુલુંડ



**મુકેશભાઈ ખોના**
તા.૯ સપ્ટેમ્બર (ઉ.૫૫)
ગોરખડી-ડોંબિવલી



**ધરમશી ડાઘા**
તા.૩ સપ્ટેમ્બર (ઉ.૫૩)
સુથરી-હૈદરાબાદ



**જયાબેન મૈશેરી**
તા.૧૫ સપ્ટેમ્બર (ઉ.૮૪)
જખૌ-ડોંબિવલી



**પ્રવિણચંદ નાગડા**
તા.૧૫ સપ્ટેમ્બર (ઉ.૮૪)
નલિયા-હુબલી



**ઉર્મિલાબેન મોતા**
તા.૧૯ સપ્ટેમ્બર (ઉ.૮૪)
તેરા-રાજકોટ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● રણ પ્રદેશ કચ્છના સીમાવર્તી વાગડ પંથકના ખડીર પંથકમાં વસવાટ કરતા ઘુડખર, ચિંકારા, નીલગાય, હરણ, સસલા તથા અન્ય તૃણાલક્ષી વન્ય પ્રાણીઓને સરળતાથી ઘાસચારો મળી રહે તે માટે વન્ય વિભાગ દ્વારા નવતર પ્રયોગ કરી ડ્રોન વાટે બીજનો છંટકાવ કરાયો હતો. જેથી આ વિસ્તારમાં વરસાદ થાય અને ઘાસચારો ઊગી શકે. આ અગાઉ બન્નીના ઘાસિયા મેદાનોમાં પણ ઘાસના બીજને ડ્રોન મારફતે છંટકાવ કરાયો હતો. જેનું પરિણામ હકારાત્મક મળ્યું હોવાનું રેન્જ ફોરેસ્ટ ઓફિસરે જણાવ્યું હતું.

● જૂનાગઢ પાસેના ગીરના જંગલમાં ફરવું એક લ્હાવો છે. સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી તરફથી કચ્છના નારાયણ સરોવર વિસ્તારમાં ૨૫૦ હેક્ટરમાં સફારી પાર્ક સ્થાપવા મંજૂરી મળી છે. આમ અત્રે સમુદ્રી સીમા દર્શન સાથે સફારી પાર્કનો પણ લાભ પર્યટકોને મળશે. અત્યાર સુધી ૪૪ હજાર હેક્ટરમાં ચિંકારા અભયારણ્ય જાહેર થયેલું છે અને વન વિભાગ તરફથી મળેલી વિગતો પ્રમાણે આ હાલે ૫૦૦ જેટલા ચિંકારા વસવાટ કરી રહ્યાં છે. સફારી પાર્કમાં સિંહ, દીપડા, ચિંકારા, કાળિયાર જેવા માંસાહારી પ્રાણીઓ વસાવવાની યોજના છે.

● કચ્છી પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ સંચાલિત કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલને ચેરિટેબલ હોસ્પિટલ તરીકે તથા અત્યાધુનિક નિદાન અને સારવાર ઉપકરણો તરીકે ઉત્કૃષ્ટ કાર્ય માટે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે હોકોન કોન્કલેવમાં એવોર્ડ પ્રદાન થયો હતો.

● મધ્યપ્રદેશના રીવા જિલ્લાના દેવરા ગામના રામનાથ હનુમાન પ્રસાદ કુશવાહા ૩૦ વર્ષની વયે ગુમ થઈ ગયા હતા. તેના પરિવારે પાંચેક વર્ષ સઘન શોધ કરી હતી પણ તેમાં સફળતા મળી ન હતી. રામનાથ અનેક રાજ્યોના શહેરો ગામડાઓ ફરતા ફરતા સૌરાષ્ટ્રના સોમનાથ માનવ સેવા ટ્રસ્ટ ખાતે પહોંચ્યો હતો. આ સંસ્થાએ ભુજ નજીકના પાલારા સ્થિત રામદેવ સેવાશ્રમ ખાતે મોકલ્યો હતો. માનવજ્યોત અને સેવાશ્રમના ખાતે મોકલ્યો હતો. માનવ જ્યોત અને સેવાશ્રમના પ્રબોધ મુનવર જિલ્લા પોલીસની મદદથી સરનામું શોધી પરિવારનો સંપર્ક કર્યો હતો. ૩૫ વર્ષના લાંબા સમય બાદ ભાઈ ભાઈને ઓળખી શકે તે મુશ્કેલ હતું. પણ નાના ભાઈએ પૂછેલા ૩૫ પ્રશ્નો લેખિતમાં સાચા જવાબ આપતાં ઓળખ પ્રસ્થાપિત થઈ હતી. અને બંન્ને ભાઈઓ એકબીજાને ભેટી પડ્યા હતા હાલે ૬૫ વર્ષના રામનાથના કિસ્સાના ઘટનાક્રમમાં તેમના લાપતા બન્યા બાદ તેના માતા પિતા મૃત્યુ પામ્યા હતા તો પત્નીએ બીજા લગ્ન કરી લીધા હતા. સાડાત્રણ દાયકા બાદ નાના ભાઈ શ્યામલાલ અને તેના મિત્રો સાથે મિલનથી ખુશી વચ્ચે ભાવુક દૃશ્યો સર્જાયાં હતાં.

● ઈન્ડો ગ્લોબલ ફ્રેન્ડશિપ એસોસિએશન ગુજરાત તથા મહારાષ્ટ્રના સંયુક્ત પ્રયાસો દ્વારા યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમ ૨૦૨૪માં કચ્છના મહિલા ચિત્રકાર પંક્તિ પાઠક પસંદગી થઈ હતી. તેઓને ૨૧ દિવસ ફ્રાન્સના મહેમાન બનવાની તક મળી હતી. આ પ્રવાસમાં તેમને ફ્રેન્ચ, સંસ્કૃતિ, ખાનપાન, સંગીત, નૃત્ય રહેણીકરણીનો ખૂબ નજીકથી અનુભવ કરવા મળ્યો. ફ્રાન્સની શાળા, કોલેજ, ખેતીવાડી તથા સમાજસેવી સંસ્થાઓની મુલાકાત વિદ્યાર્થીઓ તથા નાના બાળકોએ ભારતીય સંસ્કૃતિ વિશે અનેક પ્રશ્નો પૂછીને ભારતને સમજવાનો પ્રયાસ કર્યો હતો. ફ્રેન્ચ શહેર શારવીલ મેઝિરેસના મેયર સાથે મુલાકાત થઈ હતી. આ પ્રવાસ માટે ૧૩ ભારતીયની પસંદગી કરાઈ હતી.

● કચ્છના વરિષ્ઠ ભૂસ્તર શાસ્ત્રી ડૉ.મહેશ જી. ઠક્કરને ભારત સરકારના વિજ્ઞાન અને તકનિકી મંત્રાલય દ્વારા ઉત્તરાખંડના દહેરાદૂન ખાતે આવેલા વાડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ હિમાલયન જીઓલોજીના ડાયરેક્ટરનો વધારાનો કાર્યભાર સોંપવામાં આવ્યો છે. આ ઈન્સ્ટિટ્યૂટ હિમાલય વિસ્તારમાં થતી ભૂર્ગભીય હિમાચલના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ડૉ.એમ.જી.ઠક્કરની આ નિયુક્તિને કચ્છ યુનિવર્સિટી દ્વારા આવકાર આપવામાં આવ્યો છે.





insurancekhoj.com™

the ultimate stop for insurance™

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA